નાયબ શિક્ષણ નિયામક

**કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી**
**બ્લોક નં.૯, ૧ લો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,**
**સેક્ટર ૧૦ બી,ગાંધીનગર.-૩૮૨૦૧૦**

ક્રમાંક: ૪૯/મકમ/મ-૯/૨૦૨૧/~~૯૯-૧૨~~ ૯૯-૧૨૨ તા. ૦૪/૦૧/૨૦૨૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય:- રાજ્યની સરકારી માધ્યમિક શાળાઓમાં ફેરબદલી થયેલ માધ્યમિક વિભાગમાં કામ કરતા મદદનીશ શિક્ષકો / શિક્ષણ સહાયકને છૂટા કરવા બાબત.

સંદર્ભ :-(૧)આ કચેરીના પત્ર ક્રમાંક:૪૯/મકમ/મ-૯/૨૦૧૯/૯૯૬૧-૯૪,તા.૧૮/૧૨/૨૦૧૯

(૨)આ કચેરીના પત્ર ક્રમાંક:૪૯/મકમ/મ-૯/૨૦૧૯/૧૦૨૩૧-૬૪,તા.૨૪/૧૨/૨૦૧૯

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના મદદનીશ શિક્ષકો / શિક્ષણ સહાયકોના જિલ્લા કક્ષાએ આંતરીક ફેરબદલી કેમ્પ યોજવા માટે અત્રેની કચેરીના સંદર્ભ (૧) દર્શિત પરિપત્રથી ફેરબદલી કરવા માટે સૂચના આપવામાં આવેલ હતી. જિલ્લા કક્ષાએ આંતરીક ફેરબદલી યોજાયા બાદ અત્રેની કચેરીના સંદર્ભ (૨) દર્શિત પરીપત્રથી રાજ્ય કક્ષાનો ફેરબદલી કેમ્પના આયોજનની જાણ કરેલ હતી. જે અનુસાર તા. ૦૧, ૦૨, અને ૦૩ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ ફેરબદલી કેમ્પ યોજવામાં આવેલ હતો, જેમાં કુલ ૫૫૭ મદદનીશ શિક્ષક / શિક્ષણ સહાયકોની ફેરબદલી આદેશ કરવામાં આવેલ છે. આ અગાઉ ફેરબદલી થયેલ હોય તે પૈકી કેટલાક કિસ્સામાં છૂટા કરવા બાબતે કાર્યવાહી થઈ ન શકી હોય તેવું સંભવ છે.

રાજ્યમાં આવેલ સરકારી માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની તા.૩૧/૦૮/૨૦૨૦ની બદલી બાદની સ્થિતિએ ખાલી જગા પર હાલમાં ભરતી પ્રકિયા ચાલુ છે. જેમાં તા.૦૭/૦૧/૨૦૨૧ના રોજ જિલ્લા કક્ષાએથી ઉમેદવારોને નિમણૂક હૂકમ આપવામાં આવનાર છે. જે અનુસાર ભરતીથી ઉપલબ્ધ થનાર શિક્ષકો શાળામાં હાજર થાય ત્યારે જ આંતરીક / રાજ્યકક્ષાના ફેરબદલી વાળા શિક્ષકોને છૂટા કરવા આથી જણાવવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે જે વિષયના શિક્ષક શાળામાં હાજર થાય તેજ વિષયના શિક્ષકને છૂટા કરવા.

(મહેશ મહેતા)
નાયબ શિક્ષણ નિયામક
(મહેકમ)
ગુ.રા.ગાંધીનગર

Scanned with CamScanner

Scanned with CamScanner

ક્રમાંક:પ્રાવિ.૨/મકમ/શિ.સ.ભરતી/૨૦૨૧/૧૫૮ તા.૦૫/૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી મા. & ઉ.મા. શાળા(તમામ),
જિ.બનાસકાંઠા

૨/- કમિશનરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગર ના પત્ર ક્રમાંક:૪૯/મકમ/મ.૯/૨૦૨૧/૭૯-૧૧૨, તા.૦૪/૦૧/૨૦૨૦. જાણ-વ-અમલ સારૂ.

ખાસ નોંધ:૧-સદર પરિપત્ર ફક્ત ને ફક્ત સરકારી માધ્યમિક વિભાગના શિક્ષકો પૂરતો જ છે.
૨- સરકારી માધ્યમિક વિભાગમાં જે વિષયના શિક્ષણ સહાયક શાળામાં હાજર થાય તે જ વિષયના શિક્ષકને છૂટા કરવાના રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા-પાલનપુર

Scanned with CamScanner